## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ સિંહ**

**આજના ગ્રહોની કુંડળી**

| | | |
|---|---|---|
| ૬ | વક્રી -ગુરુ-રાહુ ૫ | ૪ |
| ૭ | | ૩ |
| શનિ ૮ મંગળ | ૨ | |
| ૯ | ૧૧ કેતુ - સૂર્ય | ૧ |
| ૧૦ બુધ - શુક્ર | | ૧૨ |

**આજે ચાંડાલ યોગ છે. આજે ગજકેસરી યોગ છે. આજે ગ્રહણ યોગ છે. આજે કાલસર્પ યોગ છે. આજે પૂર્ણિમા છે.**

**મેષ** જો જન્મના ગ્રહોનું પીઠબળ સારું હશે તો સંતાનની પ્રગતિથી ખુશ થવાય. આઠમે શનિ મંગળની યુતિ વ્યગ્રતા અને ડીપ્રેશન લાવે. આશાનું કિરણ અગિયારમે સૂર્ય છે જેની પાંચમા સ્થાન પરની દ્રષ્ટિથી અનેક લાભ મળવાપાત્ર થાય.

**વૃષભ** ચોથે ગુરુ ચંદ્રનો ગજકેસરી યોગ ઉત્તમ છે ફક્ત રાહુનો ગ્રહણ યોગ - ચાંડાલ યોગ - વિઘ્નકર્તા છે. તેથી ગજકેસરી યોગનું ઉત્તમ ફળ મળવામાં વિક્ષેપ આવે. કાલસર્પ યોગ પણ વિઘ્નકર્તા છે.

**મિથુન** ત્રીજે ગજકેસરીયોગને આઠમા સ્થાનના બુધ - શુક્રનું પીઠબળ સાપડે છે. કોઈક નાનકડા સારા સમાચાર મળે. ચાંડાલ યોગ - ગ્રહણ યોગ - કાલસર્પ યોગ - બધા જ ખરાબ યોગો સારું ફળ મળવામાં વિલંબ કરાવે.

**કર્ક** બીજા સ્થાનનો ગજકેસરી યોગ તથા સાતમા સ્થાનનો બુધ - શુક્રનો યોગ - બંને યોગ સારું ફળ આપશે. પરંતુ ચાંડાલ યોગ - ગ્રહણયોગ - કાલ સર્પ યોગના કારણે સારું ફળ મળવામાં વિલંબ થાય.

**સિંહ** બધા જ ખરાબ યોગોની વચ્ચે ગજકેસરી મોટા તમોને અડીખમ ઉભા રહેવામાં મદદરૂપ તાય છે. બાકી બધા જ ખરાબ યોગોને કારણે ખૂબ જ હેરાન થવાના યોગો છે. ઈષ્ટદેવની પૂજા - ભક્તિ કરતા રહેશો.

**કન્યા** બારમે ગ્રહણ યોગ - ચાંડાલ યોગ - કાલ સર્પ યોગ છે - ગજકેસરી યોગ છે - શું કરવું - શું ન કરવું તેની સમજ ના પડે. ઈષ્ટદેવ અને મહાદેવની પૂજા - ભક્તિ કરશો તો રાહત મળશે.

**તુલા** બીજે શનિ મંગળની યુતિ કૌટુંબિક અશાંતિ ઊભી કરે બાકી અગિયારમે ગજકેસરી યોગ - ગ્રહણ યોગ ને ચાંડાલ યોગ તમોને રાશિમાં ઘણી જ મદદરૂપ થાય છે - પાપ ગ્રહો મદદરૂપ થાય છે.

**વૃશ્ચિક** રાશિપતિ મંગળ રાશિમાં આવવાથી શનિની ખરાબ અસરો હવે ઓછી થવા માંડશે. ધીરે ધીરે ચિંતા હળવી થતી જશે. ટેન્શન હળવું થતું જશે - એક દોઢ માસનો આગામી સમય સારો જશે.

**ધન** બારમે શનિ મંગળ તેમજ ત્રીજે કાલસર્પ યોગ - ગ્રહણ યોગ વિગેરે ખરાબ યોગોના કારણે નાની મોટી આર્થિક મુશ્કેલીઓમાં આવી જશો - સાહસ કરશો તો પાસા ઊંધા પડશે ને ખોટ જશે. સાચવવું.

**મકર** રાશિમમાં બુધ શુક્ર ને રાશિ પર રાશિપતિની ત્રીજી દ્રષ્ટિને કારણે તેમજ બીજા સ્થાનમાં યોગોને કારણે મિશ્ર ફળ મળશે. વારંવાર ડરવાની જરૂર નથી - લાંબા વિચાર અવશ્યક કરશો.

**કુંભ** ચાંડાલ યોગ - ગજકેસરી યોગ - ગ્રહણ યોગ - કાલસર્પ યોગ - પૂર્ણિમા યોગ વિગેરે સારા નરસા યોગોથી આપની રાશિ આજે અસરકર્તા છે. મિશ્રફળ મળશે. વ્યગ્ર રહેશો - ચડ ઉતર થશે.

**મીન** અગિયારમે બુધ શુક્ર - બારમે સૂર્ય સુંદર ફળ આપે. છઠ્ઠા સ્થાનમાં બધા યોગો તમોને મદદરૂપ થઈ રહ્યા છે. ટેન્શન હળવું થશે - ચિંતાનું આવરણ હટી જશે.

# ગુજરાત યુનિવર્સિટી ખાતે માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૧

યુનેસ્કો દ્વારા ૨૧મી ફેબ્રુઆરીને સમગ્ર વિશ્વમાં માતૃભાષા ગૌરવ દિન તરીકે ઉજવવાનું નક્કી કરાયું છે. તેના ભાગરૂપે આજે ગુજરાત યુનિવર્સિટી ખાતે માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી કરાઈ હતી. આ ઉજવણીમાં સંબોધન કરતા શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે માતૃભાષાનું મહત્વ અને આકર્ષણ નિરંતર રહેવું જોઈએ. માતૃભાષા જ ભાવી વિશ્વને ઉજાગર કરે છે ત્યારે માતૃભાષાનું સંવર્ધન કરીને તેનું ગૌરવ વધારીએ એમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે આપણી માતૃભાષા ગુજરાતીના જતન સંવર્ધન તથા તેનું ગૌરવ વધે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે એટલુ જ નહી તે દિશામાં પ્રયત્નશીલ પણ છે. માતૃભાષાનું ગૌરવ આપણને હોવું જોઈએ અને આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ ગુજરાત અને ગુજરાતીઓને વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કર્યું છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, ગુજરાતી ભાષાને વ્યાપક બનાવવા રાજ્ય સરકારે વિશેષ પ્રયાસો કર્યા છે. રાજ્યની પ્રાથમિક શાળાઓમાં 'ગુજરાતી' ભાષામાં નાટ્ય-નિબંધ સ્પર્ધા યોજવા શિક્ષણ વિભાગે પહેલ કરી છે.

રાજ્યની સંસ્થા 'સ્પીપા'નો વ્યાપ વધારીને રાજ્યના ૨૭ જિલ્લામાં તેની શાખાઓ શરૂ કરવાની દિશામાં પ્રયાસો શરૂ કરાયા છે. તેનાથી ગુજરાતના વિદ્યાર્થીઓ ઘર આંગણે તેનો લાભ મેળવી શકે. તેવી જાણકારી પણ મંત્રીશ્રીએ આપી હતી.

જ્ઞાનપીઠ પુરસ્કૃત સાહિત્ય સર્જક શ્રી રઘુવીર ચૌધરીએ જણાવ્યું હતું કે વિચારોની અસરકારક અભિવ્યક્તિ માતૃભાષામાં જ થઈ શકે. ગુજરાત યુનિવર્સિટીએ ભાષાનું માધ્યમ માતૃભાષા એટલે કે ગુજરાતી રાખવાની અનુકરણીય પહેલ કરી છે. આપણા દેશમાં અનેક રાજ્યોમાં માતૃભાને જ માધ્યમ તરીકે સ્વીકારાઈ છે ત્યારે આપણે પણ ગુજરાતી માધ્યમનો વ્યાપ વધારવો જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું. સુપ્રસિદ્ધ સાહિત્યકારશ્રી રતિલાલ બોરીસાગરે જણાવ્યું હતું કે, અંગ્રેજી ભાષા પ્રત્યેની ઘેલછાને કારણે આપણી માતૃભાષા ગુજરાતી અત્યારે વિકલાંગતા તરફ જઈ રહી છે. મહારાષ્ટ્ર અને બંગાળમાં માતૃભાષા પ્રત્યેનો પ્રેમ અનેક ગણો છે જ્યારે આપણામાં ગુજરાતી હોવાનું અભિમાનનો અભાવ છે. આ સ્થિતિમાં બદલાવ આવશે ત્યારે જ આપણી માતૃભાષાનું ગૌરવ વધશે એમ તેમણે ઉમેર્યું હતું.



## અરવલ્લીમાં ૫૭૩ પોલીયો બુથ પર બાળકોને પોલીયોના ટીપા પીવડાવાયા

અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા પોલિયો નાબુદી અભિયાન અંતર્ગત ૨૧ ફેબ્રુઆરી પોલિયો રવિવારના રોજ બીજા રાઉન્ડમાં શૂન્યથી પાંચ વર્ષના જિલ્લાના અંદાજે ૧.૩૦ લાખ બાળકોને જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૬ તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં ૫૭૩ બુથો ઉભા કરી ૨૩૬૦ આરોગ્ય કર્મચારીઓએ પોલીયોના બે બુંદ પીવડાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાંથી પોલીયો રવિવારે રસી પીવડાવાથી વંચિત રહેલા બાળકોને ઘરે ઘરે જઈ પોલિયો રસીના બે બુંદ પીવડાવવામાં આવશે.

# બનાસકાંઠાની આદિવાસી કન્યાઓ સાથે આણંદના એસ.પી. અશોક યાદવે જન્મ દિન મનાવ્યો

બનાસકાંઠા, તા. ૨૧

આદિવાસી વિસ્તારમાં આવેલી વિરમપુર ગામમાં શ્રી અંબિકા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત પ્રમુખ વિદ્યાલયમાં કન્યા કેળવણી સંકલ્પ અભિયાન અંતર્ગત શાળામાં અભ્યાસ કરતી તમામ કન્યાઓને વિના મુલ્યે શિક્ષણ આપવામાં આવે છે. આણંદના એસ.પી. અશોક યાદવે છેલ્લા ચાર વર્ષથી બનાસકાંઠા જિલ્લાના પછાત અને આદિવાસી વિસ્તાર વિરમપુર ગામની કન્યા છાત્રાલયની ૧૧૦ દિકરીઓ દત્તક લીધી હતી. તે દિવસથી આજ દિવસ સુધી અશોક યાદવ પોતાના જન્મદિવસની ઉજવણી વિરમપુર ગામે ઉજવે છે. આજે પોતાના જન્મદિવસે અશોક યાદવ વિરમપુર ગામે પહોંચ્યા હતા. દિકરી ગાય અને દોરે ત્યાં જાય. આ પંક્તિને ખરા અર્થમાં સાર્થક કરી છે. આણંદ જિલ્લાના એસ.પી. અશોક યાદવે. અશોક યાદવ જ્યારે બનાસકાંઠા જિલ્લામાં એસ.પી. તરીકેની કામગીરી કરતા હતા તે વખતે (ચાર વર્ષ) વિરમપુર ગામની પ્રમુખ કન્યા વિદ્યાલયની ૧૦૦ દિકરીઓને દત્તક લીધી હતી. તે દિવસથી આજ સુધી અશોક યાદવ પોતાનો જન્મદિવસ બનાસકાંઠાના વિરમપુર ગામે આ દિકરીઓ વચ્ચે ઉજવી સમાજને અનોખી રાહ ચિંધી છે. આણંદ એસ.પી. પોતાના જન્મદિવસના દિવસે આજે બનાસકાંઠાના વિરમપુર ગામે પહોંચ્યા હતા.



આ કાર્યક્રમમાં બનાસકાંઠા કલેક્ટર દિલીપ રાણા, બનાસકાંઠા એસ.પી. નિરજ બડગુજર, જિલ્લા વિકાસ અધિકારી વિજય દહીયા, ડૉ. સુરેન્દ્ર ગુપ્તા, યાસીન બંગલાવાલા, સાધ્વી નિર્મલા પુરી, લક્ષ્મીબેન કરેણ, કુમનબેન જોષી સહિત ગામના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના ડાયરેક્ટર દશરથ ભટ્ટે પુષ્પફૂલથી મહેમાનોનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં દિપ પ્રાગટ્ય કરી અશોક યાદવના જન્મદિવસ નિમિત્તે કેક કાપી ઉજવણી કરાઈ હતી.

# ભિલોડાના વાંકાનેર ગામે એક જ રાતમાં ૭ જગ્યાએ તસ્કરોનો હાથફેરો

ભિલોડા,તા.૨૧

ભિલોડા પંથકમાં તાજેતરમાં અસંખ્ય ચોરીઓ થઈ. હવે જાણે વાંકાનેરનો વારો આવ્યો તેમ વાંકાનેર ગામે તા.૧૯/૨/૦૧૬ ના રોજ રાત્રીએ અજાણ્યા લોકોએ એક જ રાતમાં ૭ સ્થળોએ ચોરી કરી રૂા.૨૦,૦૦૦/-થી વધુની રોકડા તેમજ જલારામ મંદીરના વાજીત્રો,હાઈસ્કુલના રૂમનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો પણ કંઈ મળ્યું નહી. તે પછી કરીયાણાની બે દુકાનના તાળા તોડી રૂા.૨૦,૦૦૦/- રોકડાની ચોરી કરી તેમજ પુસ્તકાલય લાયબ્રેરીના તાળા તોડી ઈલેક્ટ્રીક બોર્ડ, ઈલેક્ટ્રીક મોટર તેમજ ગામના એક વેપારીના અનાજના ગોડાઉનમાં પ્રવેશ કરી કેટલીક વસ્તુઓ રફેદફે કરી હતી. મહેન્દ્રભાઈના ઘરના તાળા તોડી હાથફેરો કર્યો હતો પણ કંઈ હાથ લાગ્યું ન હતું. નાના ગામડામાં એક રાતમાં સાત જગ્યાએ હાથ ફેરો કરતાં લોકો ભયભીત હાલતમાં મુંકાયા છે. આ ઘટના બનતાં આખોય પંથક ચોરીના ઉપદ્રવથી ચારેકોર કંપી ઉઠ્યું છે. ભિલોડા પોલીસને જાણ કરતાં અજાણ્યા તસ્કરોને સત્વરે પકડાય તેવા ચક્રો ગતિમાન કર્યાનું જાણવા મળેલ છે તેમજ ગામલોકો કહે છે કે અમારા ગામમાં રાત્રીના સમયે પોલીસ કોઈ પણ દિવસ આવતી નથી. જેથી આવી ઘટનાઓ બને છે. પોલીસ પેટ્રોલીંગ વધારી ગામડાના ભયભીત થયેલા લોકોને હિંમત દાખવે તેવું લોકમુખે ચર્ચાય છે.

## અંદાજપત્ર સત્ર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભજવવાની વ્યૂહરચના ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલથી શરૂ થતાં સત્રના પ્રથમ દિને ગુજરાતના રાજ્યપાલ ગૃહને સંબોધન કરે તે સમયે વિપક્ષ કોંગ્રેસ કોઈ આશ્ચર્યજનક કાર્યક્રમ આપીને સરકાર સામે વિરોધ પ્રદર્શિત કરવાનો કાર્યક્રમ આપે તેવી પણ શક્યતાઓ સેવાઈ રહી છે.

વિપક્ષ કોંગ્રેસ દ્વારા રાજ્ય સરકારને ભીંસમાં લેવા માટે આક્રમક વ્યૂહરચના ઘડી કાઢી હોઈ આવતીકાલથી શરૂ થતુ વિધાનસભાનું સત્ર તોફાની બની રહે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

તો બીજી બાજુ વિપક્ષ કોંગ્રેસની વ્યૂહરચનાને ખાળવા માટે સત્તાપક્ષ ભાજપના ધારાસભ્યોની પણ આવતીકાલે સવારે વિધાનસભા સંકુલ ખાતે મળનારી બેઠકમાં વળતી વ્યૂહરચના ઘડી કાઢીને જેએનયુના મુદ્દાને ઉઠાવીને કોંગ્રેસે વળતો પડકાર ફેંકે તેવી પણ શક્યતાઓ સેવાઈ રહી છે.

## મહુડી માર્ગ પર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવાની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે આ કામગીરીને અનુલક્ષી રૂટમાં નડતરરૂપ સેંકડો વૃક્ષો કાપવાની ફરજ પડી છે. જયારે હાલ આ રૂટમાં સ્થિત વેલી પર બ્રીજ બાંધવાનુ કામ ચાલી રહયુ છે. જયારે આ કામગીરીને અનુલક્ષી ટ્રાફિક પણ ડાયવર્ટ કરવામાં આવ્યો છે. હાલ વાહનચાલકોએ ૬ કી મી ફરીને જવાની ફરજ પડી છે. પેથાપુર મહુડી માર્ગના નવિનીકરણનુ કામ પુર્ણતાના આરે છે. ત્યારે મહુડી વિજાપુર માર્ગને પણ અપગ્રેડ કરવાનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. આ કામગીરીને અનુલક્ષીને પણ ૧૨૦૦થી વધુ વૃક્ષો કપાય તેવી શકયતા છે. જો કે હજુ સુધી વૃક્ષો કાપવાનુ કામ શરૂ કરવામાં આવ્યુ નથી જેના પરિણામે કામગીરી આગળ વધી શકી નથી. પેથાપુર મહુડી માર્ગને પ્રવાસન પથ જાહેર કરવામાં આવ્યા બાદ આ માર્ગને અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે પ્રવાસન પથ પર ટ્રાફિક પણ વિશેષ રહેતો હોવાથી માર્ગ સલામતીના પરિબળોને ધ્યાને લઈ આ પ્રોજેકટનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. જયારે ટુંકમાં જ કામ પુર્ણ થતા તીર્થ ધામ મહુડી તરફ જવા માટે પ્રવાસીઓને યોગ્ય અને સલામત રોડ નેટવર્ક મળી રહેશે.

## પાટીદાર આંદોલન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્લીપ પાટીદાર આંદોલન ટૂંકમાં સમેટાઈ જશે અને સમાધાન થઈ જશે તેવો સંકેતો પણ આપી રહી હોવાનું સ્પષ્ટ થયું છે.

ગુજરાતમાં અનામતના મુદ્દે પાટીદાર સમાજ છેલ્લા ઘણાં સમયથી સરકાર સામે લડતની રાહે છે. જયારે શરૂઆતના તબક્કે જ આ આંદોલનમાં હીંસાની આગ ભભુકતા શાંતિ સુલેહનો ભંગ થવાની સાથે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પણ કથળી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ હતુ. ત્યારબાદ પાટીદાર આંદોલન દરમિયાન રાજદ્રોહના ગુન્હામાં કેદ કરાયેલા પાટીદાર નેતા હાર્દિક પટેલ ઉપવાસ પર ઉતરતા તેની તબિયત લથડી હતી. હાર્દિક પટેલને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન સરકાર તેમજ પાટીદાર સમાજના જયરામ પટેલ સહીતના આગેવાનો વચ્ચે સમાધાનની ફોર્મ્યુલા માટે પણ પરામર્શ કરવામાં આવી છે. જેના અંતે સરકાર તેમજ પાટીદાર સમાજના આગેવાનોની બેઠકના ફળસ્વરૂપે સમાધાનકારી નિતિ નક્કી થઈ ગઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે. સરકારના પ્રવકતા તેમજ આરોગ્ય મંત્રી નિતિન પટેલે પણ આ મામલે છેલ્લા ૧૫ દિવસથી સમાધાન માટેની પરામર્શ ચાલુ હોવાનુ જણાંવ્યુ હતુ. પાટીદાર યુવાનો પર કરવામાં આવેલા કેસો પણ પાછા ખેંચી લેવા માટે કાયદાકીય પ્રક્રીયા ચાલુ હોવાનુ જણાંવ્યુ હતુ. જયારે ટુંકમાં જ આ આંદોલનનો અંત આણવા માટે સમાધાન થઈ જશે તેમ પણ સ્પષ્ટ થયુ છે. આજે પાટીદાર આંદોલનના નેતા હાર્દિક પટેલને પારણાં પણ કરાવી દેવાતા અનામતની લડતનો સમાધાનકારી અંત હવે ગણતરીના દિવસોમાં જ નિશ્ચિત હોવાનુ મનાઈ રહયુ છે. આગામી તા ૨૩ ફેબ્રુઆરીના રોજ આંદોલનના મુદ્દે સરકાર તેમજ પાટીદારો વચ્ચે સમાધાન થઈ જશે. જયારે આંદોલનની લડત દરમિયાન જેલમાં કેદ કરયેલા હાર્દિક પટેલ સહીતના આગેવાનોને તબક્કાવાર કેદમાંથી મુકિત મળશે તેવું જયરામભાઈ પટેલની વાયરલ થયેલી ઓડીયો ક્લીપ વાયરલ થતાં આ મુદ્દો ચર્ચાની એરણે રહ્યો હતો.

## વિક્રમી મતદાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પમાં ૭૮.૭૯ ટકા, વોર્ડ નં. ૬માં ૭૩ ટકા, વોર્ડ નં. ૩માં ૭૩.૮૮ ટકા અને વોર્ડ નં. ૨ માં ૭૬.૦૬ ટકા મતદાન નોંધાયું છે.

વહેલી સવારથી જ મતદારો સ્વયંભુ મતદાન માટે પહોંચ્યા હતા અને પ્રથમ બે કલાકમાં જ ૪૦ ટકા જેટલુ મતદાન નોંધાયું હતું. મતદારો સ્વયંભુ બહાર નીકળતાં રાજકીય આગેવાનોમાં પણ અનેક તર્ક વિતર્ક વહેતા થયા હતા. જો કે આ ચૂંટણીમાં વિજય માટે બન્ને પક્ષોએ દાવો કર્યો છે. ભાજપે આ ચૂંટણીમાં વિકાસનો વિજય થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે પક્ષના શાસનથી લોકોની સુવિધામાં વધારો થવા પામ્યો છે.

બીજી તરફ કોંગ્રેસે પણ વિજયનો દાવો કરતાં જણાવ્યું છે કે ભાજપના અણઘડ વહીવટથી ત્રાહિમામ લોકોએ સ્વયંભુ મતદાન કોંગ્રેસની તરફેણમાં કર્યુ છે. કોંગ્રેસના આગેવાનોના દાવા મુજબ આ વખતે પક્ષને ભવ્ય સફળતા મળશે.

આ ચૂંટણીમાં ૪૯ ઉમેદવારો મેદાનમાં હતા. જેમાં ૨૪ ભાજપના ૨૪ કોંગ્રેસના અને એક અપક્ષ ઉમેદવારનો સમાવેશ થાય છે. આમ આજે મતદાનમાં ૪૯ ઉમેદવારોના ભાવિ મતદારોએ નિયત કરી અને સીલ કરી દીધા છે. હવે મંગળવારે મતગણતરી હાથ ધરાશે. ચૂંટણી અધિકારી શ્રી રાકેશ વ્યાસના જણાવ્યાનુસાર બપોરે ૧૨ વાગ્યા સુધીમાં તમામ પરિણામો જાહેર થઈ જશે.

## ભારે પ્રતિસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધારો થયો છે. આગામી બે દિવસ દરમ્યાન ઘરે ઘરે ફરી અને બાળકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવશે.

આજે જિલ્લામાં એક હજારથી વધુ બુથો અને ૧૦૦થી વધુ મોબાઈલ ટીમો દ્વારા ૦ થી પાંચ વર્ષના બાળકોને પલ્સ પોલિયો અભિયાનના બીજા રાઉન્ડમાં આવરી લેવાયા છે. લગ્નસરાની મોસમ હોવા છતાં પણ ગ્રામ્ય વિસ્તારમાં સારૂ બુથ કવરેજ મળ્યુ છે. પ્રથમ રાઉન્ડમાં બુથ કવરેજ ૯૦ થી ૯૧ ટકા જેટલુ હતુ.

૧૯૯૫થી પલ્સ પોલિયોનું વ્યાપક અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારના ૦ થી ૫ વર્ષના ૧.૮૯ લાખ તથા શહેરી વિસ્તારના ૨૫ હજારથી વધુ બાળકોને આ અભિયાનમાં આવરી લેવાનું આયોજન હતુ.

## અતીતની આજ

● ૪ પાનાનું ચાલુ...

કરુણાનિધિના વડપણવાળી સરકારમાં નાયબ મુખ્યમંત્રી હતો. આગામી ચૂંટણીમાં એ મુખ્યમંત્રીપદનો ઉમેદવાર ખરો, કારણ ૯૨ વર્ષના કરુણાનિધિ નિવૃત્ત થશે. કરુણાનિધિનાં ત્રીજાં અને છેલ્લાં પત્ની રાજથીઆમલની દીકરી કળિમોળી રાજ્યસભાની સભ્ય છે.

જયલલિતાની જેમ જ કરુણાનિધિ પરિવાર સામે પણ ટુ-જી સ્પેક્ટ્રમ સહિતનાં કૌભાંડોના ખટલાઓ ચાલી રહ્યા છે. તમિળનાડુમાં ભ્રષ્ટાચાર એ મુદ્દો રહ્યો લાગતો નથી. જોકે બંને મુખ્ય દ્રમુક પક્ષોની ચોટલી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હાથમાં હોવા છતાં તમિળ મતદાતાઓ કોના પલ્લામાં બેસે એ કહેવું મુશ્કેલ છે. છેલ્લી લોકસભાની મે ૨૦૧૪ની ચૂંટણીમાં દેશભરમાં ભલે નરેન્દ્ર મોદી છવાયેલા રહ્યા, તમિળનાડુમાં તો જયાઅમ્માનું જ ચલણ હતું. ૧૪૦ જેટલી ફિલ્મોમાં અભિનય આપનાર જયલલિતા તમિળ બ્રાહ્મણ હોવા છતાં દ્રવિડ ચળવળના અન્નાદ્રમુક પક્ષનાં સુપ્રીમો છે. લોકસભાની છેલ્લી ચૂંટણીમાં તમિળનાડુની કુલ ૩૯ બેઠકોમાંથી અન્નાદ્રમુકને ૩૭ બેઠકો મળી હતી. કોંગ્રેસને એક અને ભાજપને પણ એક બેઠક મળી હતી. એ પહેલાંની લોકસભાની ૨૦૦૪ની ચૂંટણીમાં તમામ બેઠકો દ્રમુકના વડપણવાળા મોરચાને અને ૨૦૦૯માં ૩૯માંથી ૨૭ બેઠકો દ્રમુકને મળી હતી. અયોધ્યામાં રામમંદિરના નિર્માણનાં સમર્થક રહેલાં જયાઅમ્મા મોદી-ભાજપ-સંઘ અને હિંદુ મુન્નાની સાથે મીઠાં સંબંધ ધરાવતાં રહ્યાં છે.

ક્યારેક અલગ દ્રવિડિસ્તાનની માગણી બુલંદ કરનાર દ્રવિડ પ્રજા આગામી વિધાનસભાની ચૂંટણીમાં અન્નાદ્રમુકને ફરી સત્તા સોંપશે કે દ્રમુકને ગાદી આપશે એ કહેવું મુશ્કેલ છે. જોકે ભાજપના વડપણ હેઠળનો ત્રીજો મોરચો રચાય તો દિલ્હીમાં સત્તાના જોરે તમિળનાડુમાં સત્તામાં સહભાગ શક્ય બનશે કે કેમ એ કહેવું આજના તબક્કે મુશ્કેલ છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીયઅધ્યક્ષ અમિત શાહ જે પાણીએ મગ ચડે એનો ઉપયોગ કરવામાં જરાય સંકોચ નહીં કરવાના પક્ષધર છે. તમિળનાડુમાં નાડર સમાજની વોટબેંકમાં હજુ પણ કે. કામરાજનું નામ ખૂબ આદરથી લેવાય છે. આ કામરાજ ત્રણ-ત્રણ વાર મુખ્યમંત્રી રહ્યા. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ હતા અને ઈંદિરા ગાંધીને વડાં પ્રધાન બનાવવા માટે એમણે નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. નાગરકોઈલ(કન્યાકુમારી)ના ભાજપી સાંસદ પોન રાધાકૃષ્ણન અને પ્રદેશ ભાજપનાં બીજી મુદત માટેના અધ્યક્ષ તમિલસાઈ સૌંદરાજન નાડર સમાજમાંથી આવે છે. એકાદ કરોડની નાડર વસ્તીને રાજી કરવા ભાજપ થકી કામરાજની ૧૧૩મી જન્મજયંતી પણ ઊજવાઈ હતી.

લોકસભા ચૂંટણી વખતે ભાજપના વડપણવાળા એનડીએમાં સામેલ અભિનેતા વિજયકાંતના પક્ષે શ્રીલંકાના તમિળોના મુદ્દે ચૂંટણી પછી તૂર્ત જ ભાજપનો સાથ છોડ્યો હતો. ભાજપની નેતાગીરી હવે એકબાજુ અન્નાદ્રમુકનાં સુપ્રીમો જયલલિતા અને બીજીબાજુ વિધાનસભામાં વિપક્ષના નેતા વિજયકાંતને સાથે લેવા પ્રયત્નશીલ છે. સુપરસ્ટાર રજનીકાંતને તો ભાજપ છેલ્લા એક દાયકાથી મનાવવા પ્રયત્નશીલ છે. હજુ રજનીકાંત ભાજપનો સાથ દેવા તૈયાર નથી, પણ ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે!

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અશ્રી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

જગ્યા ભાડે આપવાની છે
સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦
સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે
શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ
સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮